U

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૯/૨૩–૨૪/ 1355 તારીખ : 21 SEP 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૨૯/૨૩–૨૪

પ્રતિ,
**શ્રી ચૌહાણ રમણીકભાઈ રામજીભાઈ,**
**જીવનતીર્થ, કૈલાશનગર,**
**પાળીયાદ રોડ,**
**બોટાદ.**

**મો.નં–૮૫૩૦૫૭૫૮૫૮**

**વિષય : સોલાર કનેકશન શરૂ કરવા કે નવું ખેતીવાડી કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૬/૦૭/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૬/૦૭/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૩–૨૪/૧૧૮૯ તા.૦૧/૦૮/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૩–૨૪/૧૨૫૧ તા.૨૩/૦૮/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૬/૦૯/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **રાણપુર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

U



ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૯/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી ચૌહાણ રમણીકભાઈ રામજીભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજૂઆતની તારીખ:– તા.૦૬/૦૯/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી જયરાજભાઈ શામજીભાઈ પટેલ (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ચૌહાણ રમણીકભાઈ રામજીભાઈ, મું.બોટાદની સોલાર કનેકશન શરૂ કરવા કે નવું ખેતીવાડી કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૯/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૩–૨૪/૧૧૮૯ તા.૦૧/૦૮/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૬/૦૯/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ચૌહાણ રમણીકભાઈ રામજીભાઈ વતી તેમના પ્રતિનિધિ શ્રી જયરાજભાઈ શામજીભાઈ પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજૂઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજૂઆત છે કે..**

૧.૧ રાણપુર પેટા વિભાગીય કચેરી નીચે પાણવી ગામના ખેતીવાડીમાં ગ્રા.નં – ૬૧૭૦૮/૦૧૧૬૮/૪ થી સોલાર વીજજોડાણ ધરાવે છે. જે તાઉતે વાવાઝોડામાં ડેમેજ થયેલ. શાશ્વત કંપની દ્વારા તાં.૧૪.૦૭.૨૦૨૧ ના રોજ સર્વે કરવા આવેલ. તેઓ દ્વારા દર વખતે નવા બાના બતાવવામાં આવે છે. પરંતુ, સોલાર સિસ્ટમ શરૂ કરી આપવામાં આવતી નથી.

૧.૨ સદર વીજ જોડાણને પાંચ વર્ષ પૂર્ણ થવાની હું રાહ જોતો હતો કે જેથી મને સોલાર સિવાયનું અન્ય માંગણી વાળું ખેતીવાડી વીજ જોડાણ મળી જાય. પરંતુ, પીજીવીસીએલ દ્વારા દસ વર્ષ સુધી વીજજોડાણ નહી મળી શકે તેમ જણાવેલ છે.

Consumer Grievance Redre... P.G.V.C.L. Bhavnagar

U



૧.૩ આમ, સરકાર ખેડુતની બમણી આવક માટે **પ્રયત્નશીલ છે** ત્યારે ખેડુત છતાં પાણીએ ૧૦ વર્ષ લાઈટ વગર કઈ રીતે પોતાનો નિભાવ કરી શકે. તો આ બાબતે ન્યાય આપવા વિનતી છે.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી દ્વારા તેમના પાણવી ગામે આવેલ સર્વે નં–૧૯૦ માં ખેતીવાડી વીજ જોડાણ લેવા રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૨૦૦/– તા. ૦૭.૦૪.૨૦૧૬ ના રોજ ભરપાઈ કરી ૭.૫ હો.પા.નું વીજ જોડાણ લેવા રાણપુર પે.વિ. કચેરી ખાતે અરજી કરેલ.

૨.૨ ત્યારબાદ, સૌર ઉર્જા પંપ સેટ યોજના ૨૦૧૬–૧૭ હેઠળ તા.૦૬.૦૬.૨૦૧૬ ના રોજ રૂ.૧૦૦૦/– ડીપોઝીટ ચાર્જ ભરપાઈ કરી અગાઉની માંગણી સૌર ઉર્જા પંપ સેટમાં સ્વીચ ઓવર કરેલ. જે અન્વયે અરજદારને પીજીવીસીએલ–રાણપુર પે.વિ.કચેરી દ્વારા રૂ.૩૬,૫૦૦/– નું અંદાજપત્ર આપવામાં આવેલ. જે અંદાજપત્ર ની રકમ અરજદાર દ્વારા રસીદ નં–૧૫૭૮૭૪ થી તા.૧૬.૦૩.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરતા ગ્રાહક નં–૬૧૭૦૮/૦૧૧૬૮/૪ થી મોજે ગામ પાણ્વી ખાતે સર્વે નં–૧૯૦ માં ૭.૫ હોપા નુ ઓફ ગ્રીડ સોલાર સ્કીમ હેઠળ ખેતીવાડી વીજજોડાણ આપવામાં આવેલ.

૨.૩ ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક –બજટ –૨૦૧૪ –૧૪૪૭–બ તા.૦૨.૦૨.૨૦૧૫(Annexure-A) ની શરત નં–૧૧ મુજબ સૌર પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલીકી પાંચ વર્ષ સુધી સંબંધિત વિજ કંપનીની રહેશે અને પાંચ વર્ષ પછી આ માલીકી લાભાર્થીને એ શરતે તબદીલ થશે કે આગામી પાંચ વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વિજ જોડાણની માંગણી થઈ શકશે નહી.

૨.૪ અરજદાર દ્વારા તેમની રજૂઆતમાં જણાવેલ કે, તાઉતે વાવાઝોડામાં સદર સોલાર સીસ્ટમ તૂટી જતા તેઓએ શાશ્વત કલીન ટેક એજન્સીને ટેલીફોનીકલી જણાવેલ. તેમજ ઓફીસ રેકર્ડ ની ચકાસણી કરતા, Solar Monitoring પોર્ટલમાં તા.૨૭/૭/૨૦૨૧ ની એક Damage Due to Cyclone અંતર્ગત ફરીયાદ નોંધાયેલ છે. જેના અનુસંધાને શાશ્વત કલીન ટેક એજન્સી દ્વારા પત્ર નં–SCLP/117/2020-21 dtd.25.10.221 થી નાયબ ઈજનેર રાણપુરને AFarmer Changed location of two poles which have been damaged in cyclone રીમાર્ક સાથે જાણ કરેલ.

સદર બાબતે નાયબ ઈજનેર રાણપુર પે.વિ.કચેરી દ્વારા તા.૨૯/૦૧/૨૦૨૨ ના રોજ સ્થળ રોજકામ કરેલ છે. તેમજ સદર ફરીયાદ પોર્ટલ પર તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ Close કરવામાં આવેલ છે. (Annexure-B)

૨.૫ વધુમાં, સદર બાબતના ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક– ASLR/11/2014/GOI/1154/B1 તા.૦૮/૦૭/૨૦૨૨ (Annexure-C) મુજબ પાંચ વર્ષ પૂર્ણ થયે નીચેની શરતોને આધીન પરંપરાગત વિજજોડાણ આપી શકાય.

૨.૬ ઓફગ્રીડ સોલાર સ્કીમ હેઠળ જો અરજદાર ૮ એકર કે તેથી વધુ વિસ્તાર ધરાવતા એક જ સર્વે નંબરમાં જો સોલાર સંચાલીત ખેતીવાડી પંપસેટ હયાત હોય અને અરજદાર/ગ્રાહક અન્ય એક પરંપરાગત કૃષિ

Grievance Re... P.G.V.C.L. Bhavnagar.

U



વિજજોડાણની માંગણી કરે તો હયાત સોલાર સંચાલીત ખેતીવાડી પંપસેટને વિજજોડાણ તરીકે ગ્રાહય રાખી, તે જ સર્વે નંબરમાં તેને અન્ય એક પરંપરાગત કૃષિ વિજ જોડાણ આપી શકાય. પરંતુ, સદર કેસમાં જમીન ૮ એકર કરતા ઓછી છે.

૨.૭ ઓફગ્રીડ સોલાર સ્કીમ હેઠળ જો અરજદાર ૮ એકર કે તેથી ઓછો વિસ્તાર ધરાવતા એક જ સર્વે નંબરમાં જો સોલાર સંચાલીત ખેતીવાડી પંપસેટ પાંચ વર્ષથી વધુ સમયથી હયાત હોય અને અરજદાર/ગ્રાહક અન્ય એક પરંપરાગત કૃષિ વિજજોડાણની માંગણી કરે અને અરજદાર ખેડૂત સોલાર વિજજોડાણ ને ગ્રીડ સાથે જોડવા સંમત થાય તો આ સાથે જોડેલ, ની પાત્રતા અને શરતોને આધીન પરંપરાગત કૃષિ વિજ જોડાણ આપી શકાય.

આમ, સદર ગુજરાત સરકારના ઉપરોક્ત ઠરાવ મુજબ અરજદાર ૮ એકરથી વધારે જમીન ધરાવતા ન હોવાથી તેમજ તેઓ હયાત ઓફ ગ્રીડ સોલાર વિજજોડાણ ગ્રીડમાં જોડવા માટે જરૂરી કાર્યવાહી કરવા સંમત ન હોવાથી તેઓને નવું વિજ જોડાણ ગ્રીડમાં જોડવા માટે જરૂરી કાર્યવાહી કરવા સંમત ન હોવાથી તેઓને નવું બીજું પરંપરાગત કૃષિ વિજ જોડાણ આપી શકાયેલ નથી. જે બાબતની જાણ અરજદારને રાણપુર પે.વિ.કચેરી દ્વારા પત્ર નં–૫૯૦૫ તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદાર શ્રી ચૌહાણ રમણીકભાઈ રામજીભાઈ ગામ – પાણવી, તાલુકો – રાણપુરમાં ગ્રાહક નં. ૬૧૭૦૮/૦૧૧૬૮/૪ થી સોલાર વીજ કનેકશન ધરાવે છે. જે ડેમેજ થતાં નવું પરંપરાગત ખેતીવાડી વીજ કનેકશનની માંગણી પ્રતિવાદી પીજીવીસીએલ ની કચેરી દ્વારા ન સ્વીકારાતા ફોરમ ને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે રૂબરૂ સુનાવણી આજરોજ તા.૦૬.૦૯.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ, જેમાં વાદીના અધિકૃત પ્રતિનિધિ હાજર રહી રજુઆત કરેલ છે. જ્યારે પ્રતિવાદી પીજીવીસીએલ ના પ્રતિનિધિ એ પણ લેખિત તેમજ મૌખિક રજુઆત કરેલ છે.

૩.૩ વાદી દ્વારા સ.ને.૧૯૦ માં ૭.૫ એચ.પી ખેતીવાડી વીજ કનેકશન ની માંગણી કરવા તથા જરૂરી અંદાજપત્ર તા ૧૦.૦૩.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરી પ્રતિવાદી દારા ઓફ ગ્રીડ સોલાર સ્કીમ હેઠળ ખેતીવાડી વીજ કનેકશન આપવામાં આવેલ, જે તોકતે વાવાઝોડા દરમ્યાન ડેમેજ થતાં વારંવાર શાસ્વત સોલાર કંપનીને જણાવવા છતાં સિસ્ટમ શરૂ કરી આપવામાં આવેલ નહી, તેમજ સદરહુ કનેકશનને ૫ વર્ષ થતાં પ્રતિવાદી પાસે નવું પરંપરાગત વીજ જોડાણ માગવામાં આવતા પ્રતિવાદીએ ૧૦ વર્ષ બાદ મળે તેમ જણાવેલ છે.

૩.૪ આજરોજ ની રૂબરૂ સુનાવણી દરમ્યાન રજુ થયેલ રેકર્ડ અને મૌખિક રજુઆતો ને ધ્યાને લેતાં ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, પ્રતિવાદી દ્વારા સોલાર કંપની સાથે વાદીના કનેકશનનો મેઈંટેનન્સ અંગે તપાસ કરતાં, સોલાર કંપની દ્વારા જણાવેલ છે કે, વાદીએ અનઅધિકૃત રીતે સોલાર કનેકશનનું સ્થળ ફેરફાર કરેલ છે અને તેને લઈને ૨ પોલ પણ ડેમેજ થયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

U



૩.૫ વાદી દ્વારા નવું પરંપરાગત વીજ કનેકશનની માંગણી કરતા પ્રતિવાદી દ્વારા ગુજરાત સરકારના ઉર્જા પેટ્રો કેમીકલ્સ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાક : એસએલઆર/૧૧/૨૦૧૪/જીઓઆઈ/૧૧૫૪/જી૧ તા. ૦૮.૦૭.૨૦૨૨ (Annexure-C) મુજબ ૫ વર્ષ થયા બાદ કેવા સજોગોમાં નવું વીજ કનેકશન વાદી મેળવી શકે તે બાબતની રજુઆત રાખેલ છે.

સદરહુ ગુજરાત સરકાર નો ઠરાવ અતર્ગતની શરતો નીચે મુજબ છે.

**"ઓફગ્રીડ સોલાર સ્કીમ હેઠળ જો અરજદાર ૮ એકર કે તેથી વધુ વિસ્તાર ધરાવતા એક જ સર્વે નંબરમાં જો સોલાર સંચાલીત ખેતીવાડી પંપસેટ હયાત હોય અને અરજદાર/ગ્રાહક અન્ય એક પરંપરાગત કૃષિ વિજજોડાણની માંગણી કરે તો હયાત સોલાર સંચાલીત ખેતીવાડી પંપસેટને વિજજોડાણ તરીકે ગ્રાહય રાખી, તે જ સર્વે નંબરમાં તેને અન્ય એક પરંપરાગત કૃષિ વિજ જોડાણ આપી શકાય. પરંતુ, સદર કેસમાં જમીન ૮ એકર કરતા ઓછી છે. (Annexure-C, Page No.1/4, Para-2)"**

**ઓફગ્રીડ સોલાર સ્કીમ હેઠળ જો અરજદાર ૮ એકર કે તેથી ઓછો વિસ્તાર ધરાવતા એક જ સર્વે નંબરમાં જો સોલાર સંચાલીત ખેતીવાડી પંપસેટ પાંચ વર્ષથી વધુ સમયથી હયાત હોય અને અરજદાર/ગ્રાહક અન્ય એક પરંપરાગત કૃષિ વિજજોડાણની માંગણી કરે અને અરજદાર ખેડૂત સોલાર વિજજોડાણ ને ગ્રીડ સાથે જોડવા સંમત થાય તો આ સાથે જોડેલ Annexure-C, Page-2-3-4/4 ની પાત્રતા અને શરતોને આધીન પરંપરાગત કૃષિ વિજ જોડાણ આપી શકાય.**

૩.૬ ઉપરોકત સંજોગોમાં વાદીના કનેકશનને ૫ વર્ષ પુર્ણ થયા હોય તેમજ સોલાર એજન્સીનો વોરંટી પીરીયડ પુરો થતા હવે એજન્સી પાસે રીપેરીગ ના થઈ શકે તેમજ વાદી ૮ એકર થી ઓછી જમીન ધરાવે છે. તદુપરાંત, હયાત ઓફ ગ્રીડ સોલાર વીજ જોડાણ ગ્રીડમાં જોડાવા માટે પણ સહમત થતા ન હોઈ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી નિયમોનુસાર જણાય છે અને વાદી ની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

## <u>-:: હુકમ ::-</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**( જે.એ. ગોસાઈ)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૬/૦૯/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.